# ગઝલનો ગુલદસ્તો

–હેમાંગ જોશી

.1.

સાવ નાનું ઘર હશે તો ચાલશે,
મોકળું ભીતર હશે તો ચાલશે.

બીજાંની તકલીફ પણ સમજી જવાય,
એટલું ભણતર હશે તો ચાલશે.

હાથ જાણીતો ન હોવો જોઈએ,
પીઠમાં ખંજર હશે તો ચાલશે.

ધરતી કોરીકટ રહે તે કરતાં તો–
છાપરે ગળતર હશે તો ચાલશે.

હાથ લંબાવું અને તું હોય ત્યાં,
એટલું અંતર હશે તો ચાલશે.

પ્રાણ પુરવાનું છે મારા હાથમાં,
એ ભલે પથ્થર હશે તો ચાલશે.

.2.

માણસો ઘરનાં અચાનક પારકાં થૈ જાય છે,
ને અજાણ્યાં લોક બોલો, આપણાં થૈ જાય છે !

મહેલ ને સીંહાસનોથી કોણ સુખ પામ્યું અહીં ?
મીત્ર આવે તે ઘડી ઘર દ્વારકા થૈ જાય છે.

સાંજની રંગીનતાને પામવા માટે જુઓ,
તેજ–છાયાના તફાવત પાતળા થૈ જાય છે.

રામની કે શબ્દની કોઈ સાધના સહેલી નથી,
બેસો તો ચારે તરફ અહીં રાફડા થૈ જાય છે.

કાગળો મંદીર અમારાં, શબ્દ સૌ ભગવાન છે,
આ કલમ ડગલું ભરે ત્યાં જાતરા થૈ જાય છે.

## .3.

એના જવાબ પર ખરો દારો–મદાર છે,
મારો સવાલ બસ હવે અંતીમ જુગાર છે.

કરને હીસાબ આપણા સંબંધનો જરા;
મારું જમા શું છે અને શું શું ઉધાર છે ?

મારે જ મોઢામોઢ એ પુછવું છે વૃક્ષનેઃ
વીંઝું કુહાડી તોય તું શાથી ઉદાર છે?

સંભળાય ના ટહુકા, ન ઝાલર, ન વાંસળી,
તારા નગરમાં આ ભલા, કેવી સવાર છે?

કુવા, તળાવમાંથી તો હીજરત કરી ગયાં,
જળનો શું ફકત આંખમાં વસવા વીચાર છે ?

## .4.

કેટલો વીશ્વાસ ઓઢી બેસવાનું હોય છે !
પ્રેમમાં તો શ્વાસ ઓઢી બેસવાનું હોય છે.

આગમન તો છે જ નક્કી એમનું અહીં એક દી',
આપણે ઉલ્લાસ ઓઢી બેસવાનું હોય છે.

પ્રેમની વહાલા, પરીક્ષા હોય છે બહુ આકરી,
મહેલમાં વનવાસ ઓઢી બેસવાનું હોય છે.

જીન્દગીને માણવી જો હોય સાચા અર્થમાં,
ભીતરે સંન્યાસ ઓઢી બેસવાનું હોય છે.

સુર્ય તો સાંજે જશે પણ હે કવી ! તારે અહીં–
રાતભર અજવાશ ઓઢી બેસવાનું હોય છે.

### .5.

ભીંતમાં પણ ક્યાંક બારી હોય છે,
કોઈ બાબત બધ્ધે સારી હોય છે.

એકલો હું ક્યાં કદીયે હોઉં છું !
તું ન હો તો યાદ તારી હોય છે.

યાદ તારી એટલે ગમતી હશે;
સ્વાદમાં એ સ્હેજ ખારી હોય છે !

એ જ બાબત અંતમાં ઘટના બને–
જે સતત મનમાં વીચારી હોય છે.

વૃક્ષ જેવું લાગે જ્યારે ઘર મને,
આંગણે કોયલ પધારી હોય છે.

### .6.

જે થવાનું હોય છે તે થાય છે,
દોસ્ત, એમાં કેમ તું ગભરાય છે ?

'દુઃખ પછી સુખ આવશે, ધીરજ ધરો'
બોલવા ખાતર ખરું બોલાય છે !

લાલસા ને ભુખનાં ટોળાં તળે,
કોઈ નાજુક સ્વપ્ન રગદોળાય છે !

એમ કંઈ અત્તર બની જાતું હશે;
વાત તોયે કેટલી ચોળાય છે !

સાવ ખાલી થૈ જવાને ટાંકણે,
મારામાંથી જો, કશું છલકાય છે !

## .7.

પોતપોતાની કહાણી હોય છે,
એકસરખું ક્યાંય પાણી હોય છે ?

સાવ અમથું મન ઉડાઉડ ના કરે;
સ્વપ્નની ચકલી ભરાણી હોય છે.

વૃક્ષને મેં એમ કહેતાં સાંભળ્યાં:
મૌન સૌથી શ્રેષ્ઠ વાણી હોય છે.

મહેક ના પરખાય ઘરમાં ક્યાંય પણ–
આંગણામાં રાતરાણી હોય છે !

છેતરાઈને હસે છે જાત પર,
સજ્જનોની એ કમાણી હોય છે.

## .8.

હાર યા જીત છે ભલા માણસ;
એ જ તો બીક છે ભલા માણસ !

છેક પાસે જ જઈને અટક્યો છે,
તોડ, એ ભીંત છે ભલા માણસ !

ચોતરફ જળ છતાં રહું છું, ત્યાં–
પ્રેમનો દ્વીપ છે ભલા માણસ !

ફક્ત છે લેણદેણનો સંબંધ,
નામ તો ઠીક છે ભલા માણસ !

માત્ર તારો વીચાર કરતો રે'–
આ તે કૈં રીત છે ભલા માણસ !

## .9.

દાઢમાં ખુંચતી કણી પણ છે,
એમ સગપણમાં લાગણી પણ છે.

બે જ ઉપલબ્ધી છે સફરની અહીં,
સાથ છે ને સતામણી પણ છે.

યાદ ક્યાં રે' છે ફુલતી વેળા ?
હોય જ્યાં કુગ્ગો, ટાંકણી પણ છે.

આમ અજ્ઞાત મન થતું ખુલ્લું,
સ્વપ્ન–વર્તુળનું ને અણી પણ છે.

દોષ 'જોશી' બધો ન દુનીયાનો,
એક બે ભુલ આપણી પણ છે.

## .10.

બંધનો હોય છે અનોખાં, જો !
રાખ ભેગા રહે છે તણખા, જો !

હોય સુખના તો રાખે વીવીધતા,
દીવસો દુઃખના એકસરખા, જો !

દાટી દીધા સમાધીમાં એ પણ,
'ગાંધી' તારા બધાય ચરખા, જો !

ભારે કેવા હશે ! નર્યાં ખારાં–
આંસુમાં પણ ડુબે અભરખા, જો !

તુંય 'જોશી' લટાર મારી આવ,
શ્વાસ પહેરે હવે પગરખાં, જો !

.11.

સાચું કહું તો બેસવા માટે ચરણ નથી,
ચાલ્યા કરો ને યાર, અહીં કોનું મરણ નથી !

બળબળતું રણ અને વળી ઉગવાનું થોર પર,
ફુલે છતાં કહ્યું કદીઃ વાતાવરણ નથી ?

ઈશ્વર કરે ને થૈ શકે પોલાણ ભીતરે,
બાકી પહાડમાંય ક્યાં વહેતું ઝરણ નથી !

વંટોળ પાડે પર્ણને તો માટી સાચવે,
છે કઈ જગા જ્યાં આપનું સાંઈ, શરણ નથી !

ઝીલી રહ્યાં છે 'જોશી' ગઝલ–ગંગા આ જુઓ,
કોણે કહ્યું કે કળીયુગે કૈં અવતરણ નથી ?

* હેમાંગ જોશી *

કવી–સંપર્કઃ 33, અજન્ટા નગર, સીદ્ધનાથ નગર સામે, ભરુચ–392 001,
મોબાઈલ – 96620 57127
**E-mail: hemangjoshi@gnfc.in - hemangjoshi12@yahoo.com**

('**સન્ડે–ઈ–મહેફીલ**'ના આ અંકના અતીથી સંપાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ **શ્રી ગૌરાંગ ઠાકર** ( gaurang_charu@yahoo.com)નો ખુબ ખુબ આભાર...ઉત્તમ ગજ્જર)

**'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ છઠ્ઠું – અંકઃ** 200 – September 12, 2010
**'ઉંઝાજોડણી'**માં સાભાર **અક્ષરાંકનઃ સુનીલ શાહ** - sunilshah101@gmail.com

# Crossword In Gujarati

**Crossword is a daily habit with millions of people. Many people including my parents take up the newspaper and start with Crossword. They fight for it as well. It is a ritual for many on Mumbai local trains. It is goes with morning tea for many. It**

**is a mind yoga for several friends. The joy of solving the crossword is a pleasure of its own kind.**

**Gujaratilexicon brings the ever popular game of Crossword on your computer. Try it. Share it with Friends.**

**GL Crossword – http://www.gujaratilexicon.com/crossword/**

**GL Crossword is another addition to Gujarati Games after the popular Quick Quiz**

**Courtesy - http://www.ashokkarania.com/2010/09/crossword-in-gujarati**

@@@@@

# ‘Lakhe Gujarat’

**Now no need for asking us to send Zip to have the facility to write in Gujarati directly on screen without copying and pasting business..**
**You may have Window XP, 7, 8, Vista or Apple Mac..**

**Please, open our website http://lakhe-gujarat.weebly.com/ and have automatic installation of key boards and enjoy writing in Gujarati and Devnagri (Hindi, Marathi, Sanskrit)…**

**Write to - uttamgajjar@gmail.com**

*************

**More than 54,00,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com**

**More than 5,17,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com**

**More than 70,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com**

**You too are invited to visit Gujaratilexicon with a new interface.**

‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: છઠ્ઠું – અંક: 200 – September 12, 2010
‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન: સુનીલ શાહ - sunilshah101@gmail.com